પહેલા પાનાનું ચાલુ

બળાત્કાર

આવતાં ડૉક્ટરોએ તેના પર રેપ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

તેના માતા-પિતાએ ગુરુવારે પોલીસનો સંપર્ક કર્યા પછી કેસ નોંધીને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે અસરે એક મહિનાથી વધુ સમયથી સ્કૂલમાં ઇલેક્ટ્રિશયનનું કામ કરતો હતો. એનડીએમસીએ તેને કાયમી કર્યો હતો. તેની વિરુદ્ધ પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન્સ ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ (પીઓસીએસઓ) ઍક્ટના સેકશન હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

સ્કૂલના એક પ્રતિનિધિએ જણાવ્યું હતું કે વિદ્યાર્થિનીના માતા-પિતા ગુરુવારે સ્કૂલમાં આવ્યા હતા અને ઘટનાની જાણ કરી હતી. આરોપી તેમની સ્કૂલમાં નોકરી કરતો નહીં હોવાનો દાવો કર્યો હતો. સ્કૂલનો સમય બપોરે ૧-૩૦ વાગ્યે પૂરો થયા પછી ઘટના બની હોવાની જાણ કરાઈ હતી. સ્કૂલનો કોઇ કર્મચારી તેમાં સંકળાયેલો નથી. તપાસ ચાલી રહી છે. અમે બાળકીના માતા-પિતાના સંપર્કમાં છીએ. બીજા એક કર્મચારીએ કહ્યું કે સ્કૂલના વિસ્તારમાં સીસીટીવી કૅમેરા બેસાડવામાં આવ્યા છે અને ચાર સલામતી ગાર્ડસને હમેશાં છોકરીઓની સ્કૂલના દરવાજે તહેનાત કરવામાં આવે છે. ઘટનાની માહિતી મળતાં સ્કૂલની વિદ્યાર્થિનીઓનાં માતાપિતાએ સ્કૂલની બહાર વિરોધ વ્યકત કરીને પોતાના બાળકોની સલામતી અંગે સંખ્યાબંધ સવાલ ઉઠાવ્યા હતા. એક વાલીએ કહ્યું કે સ્કૂલમાં અમારા બાળકોની સલામતી જાળવવાની ફરજ પ્રિન્સિપાલની છે. પ્રિન્સિપાલ રજા પર હોય તો વાઈસ પ્રિન્સિપાલ અને શિક્ષકોએ વધુ જવાબદારી દાખવવી જોઈએ. (પીટીઆઈ) ■

નાલાસોપારા

ગોવિંદ પાનસરે તેમ જ પત્રકાર ગૌરી લંકેશની હત્યાના કેસમાં આરોપીની કોઇ કડી છે કે નહીં તેની પણ એટીએસ તપાસ કરી રહી છે.

એટીએસે ધરપકડ કરેલી ત્રિપુટીમાં વૈભવ રાઉત સહિત શરદ કાલસકર અને સુધનવા ગોંધલેકરનો સમાવેશ છે. વૈભવ અને શરદ કાલસકર નાલાસોપારાના, જ્યારે સુધનવા પુણેનો રહેવાસી છે. શરદ કાલસકરના ઘરેથી બોમ્બ બનાવવા માટેનું ચાર્ટ મળી આવ્યું હતું. સુધનવા ગોંધલેકર પુણેમાં નાનો એન્જિનિયરિંગનો પ્લાન્ટ ધરાવે છે, એમ એટીએસના અધિકારીએ કહ્યું હતું.

એટીએસના અધિકારીઓએ ગુરુવારે મધરાતે રિયલ એસ્ટેટ એજન્ટ વૈભવ રાઉતના નાલાસોપારામાં ભંડારઆળી ખાતેના નિવાસે રેઇડ પાડ્યા બાદ તેની ધરપકડ કરી હતી. તેના ઘર તથા શૉપમાંથી ૨૦ ક્રૂડ બોમ્બ, જિલેટીન સ્ટીક્સ, ચાર ઇલેક્ટ્રોનિક ડિટોનેટર, ૧૧ નોન-ઇલેક્ટ્રોનિક ડિટોનેટર, ૧૫૦ ગ્રામ સફેદ પાઉડર, ૧૦ બેટરી તેમ જ બોમ્બ બનાવવા માટેની સામગ્રી મોટા પ્રમાણમાં મળી આવી હતી. આ ઉપરાંત અનેક દસ્તાવેજો, સિમકાર્ડ્સ પણ ત્યાંથી જપ્ત કરાયા હતા. વૈભવના ઘરે જે સામગ્રી મળી આવી હતી, એનાથી બીજા ૩૦થી ૪૦ ક્રૂડ બોમ્બ આસાનીથી બની શકાતા હતા. આ સામગ્રી કાલિનાની ફોરેન્સિક લેબોરેટરીમાં પાઠવાઇ હતી. તે આરડીએક્સ છે એવું અમને લાગતું નથી, પણ અમે અહેવાલની રાહ જોઇ રહ્યા છીએ, એમ અધિકારીએ કહ્યું હતું. દરમિયાન એટીએસે કોર્ટમાં રજૂ કરેલી રિમાન્ડ એપ્લિકેશન અનુસાર તેમને ૭ ઓગસ્ટે માહિતી મળી હતી કે અમુક શંકાસ્પદો નાલાસોપારા, સોલાપુર, સાતારા, મુંબઈ અને પુણે ખાતે આતંકવાદી પ્રવૃત્તિ હાથ ધરવાની યોજના બનાવી રહ્યા છે. માહિતી આપનારે શંકાસ્પદોના મોબાઇલ નંબર પણ એટીએસને આપ્યા હતા અને શંકાસ્પદોએ અમુક શસ્ત્રો નાલાસોપારા ખાતે છુપાવી રાખ્યાં હોવાની માહિતી પણ આપી હતી, જેને પગલે એટીએસે ત્રણ શંકાસ્પદને છેલ્લા બે સપ્તાહથી સર્વેલન્સ પર રાખ્યા હતા. આ મહિને તેમણે આતંકવાદી પ્રવૃત્તિ હાથ ધરવાની યોજના બનાવી હોવાની શંકા પણ તપાસવામાં આવી રહી હોઇ ત્રણેય શંકાસ્પદે તાલીમ લીધી હોવાનું લાગી રહ્યું છે, એમ એટીએસના અધિકારીએ જણાવ્યું હતું. એટીએસે આ પ્રકરણે ત્રણેય જણની ધરપકડ કરી હોઇ તેમની વિરુદ્ધ આઇપીસીની કલમ ૧૨૦-બી, પ્રોવિઝન્સ ઓફ ધ એક્સપ્લોઝિવ્સ એક્ટ તથા અનલોફૂલ એક્ટિવિટીઝ (પ્રિવેશન્સ) એક્ટની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન રાઉતના સોશિયલ મીડિયા પરના કથિત એકાઉન્ટ પ્રમાણે તે જમણેરી સનાતન સંસ્થા સાથે જોડાયેલો છે. જોકે રાઉત આ સંસ્થાનો સભ્ય હોવાનું સનાતન સંસ્થાને નકારી કાઢ્યું હતું. ■

ગુજરાતમાં સવર્ણોને લહાણી

જાહેરાત કરતા કહ્યું હતું કે, બિન અનામત વર્ગ માટે સરકારે કેટલીક યોજના બનાવી છે. આ યોજનાનો લાભ વિદ્યાર્થીઓ અને સમાજના એવા વર્ગને થશે જેઓને અનામતનો લાભ નથી મળતો. આ યોજનાથી અનામત મેળવતા વર્ગને કોઇ નુકસાન થશે નહીં. રાજ્યમાં ચાલતા મેડિકલ, ડેન્ટલના સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, વ્યવાસિયક અભ્યાસક્રમો, ઇજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, આયુવેર્દિક, હોમિયોપેથી, ફિઝિયોથેરાપીસ વેટરનરી વગેરે અભ્યાસક્રમો માટે (હાયર એજ્યુકેશન જેવા કે બીબીએ, બીકોમ, બીએસસી, બીએ વગેરે સિવાય) સમગ્ર અભ્યાસક્રમની કુલ ટ્યૂશન ફી અથવા ૧૦ લાખ રૂપિયા તે બે પૈકી તે ઓછું હોય તે પ્રમાણેની લોન ૪ ટકાના સાદા વ્યાજે નિગમ તરફથી આપવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, વિદ્યાર્થીએ ધોરણ ૧૦માં ૬૦ ટકા કે તેથી વધુ મેળવેલા હોવા જોઇએ, વ્યાજનો દર વાર્ષિક ૪ ટકા લેખે સાદું વ્યાજ, તો કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૩ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ. અરજદાર બિન અનામત વર્ગના હોવા જોઇએ. આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતા અરજદારે ધોરણ ૧૨ પછી એમબીબીએસ માટે , ડિપ્લોમા પછી ડીગ્રી માટે, સ્નાતક પછી અનુસ્નાતક માટે અને રિસર્ચ જેવા ટેક્નિકલ પેસમેડિકલ, પ્રોફેશનલ વગેરે જેવા કોઇપણ પ્રકારના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે કુલ રૂપિયા ૧૫ લાખની વિદેશ અભ્યાસ લોન નિગમ તરફથી આપવામાં આવશે. અરજદારે ધોરણ ૧૨માં ૬૦ ટકા કે તેથી વધુ મેળવેલા હોવા જોઇએ. આ લોન વાર્ષિક ૪ ટકાના લેખે સાદું વ્યાજ આપવામાં આવશે. કુટુંબની વાર્ષિક આવકમર્યાદા ૪.૫૦ લાખ કે તેથી ઓછી હોવા જોઇએ. ■

અર્થતંત્ર ધમધમ્યું

ઈન્ડેક્સમાં (આઈઆઈપી) મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો હિસ્સો ૭૭.૬૩ ટકા છે. આ ક્ષેત્રમાં જૂનમાં ૬.૯ ટકાની વૃદ્ધિ થઈ છે. અગાઉના જૂનમાં ૦.૭ ટકાનો ઘટાડો હતો. ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે ૮.૫ ટકાની વૃદ્ધિ જોવાઈ છે જે અગાઉ રૂા. ૨.૧ ટકા હતી. માઈનિંગ સેકટરમાં ૬.૬ ટકાની આકર્ષક વૃદ્ધિ રહી છે જે જૂન-૨૦૧૭માં ફક્ત ૦.૧ ટકા હતી. કેપિટલ ગુડ્ઝ ક્ષેત્રે ૯.૬ ટકાની વૃદ્ધિ છે. પ્રથમ ત્રિમાસિકમાં ૫.૨ ટકાની વૃદ્ધિ જોવાઈ છે. ૨૩ ઉદ્યોગ ગ્રુપ પૈકી ૧૯માં પોઝિટિવ ગ્રોથ રહ્યો છે. કૉમ્પુટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે નોંધપાત્ર ૪૪ ટકાની વૃદ્ધિ થઈ છે, એમ આર્થિક બાબતો સંભાળતા ખાતાના સચિવ સુભાષચંદ્રા ગર્ગે કહ્યું હતું. (પીટીઆઈ) ■

અડધું કેરળ

લોકોને સ્થળાંતર કરાવવા નાના પૂલો બાંધવામાં આવ્યા છે. પેરીયાર નદીમાં પાણીની સપાટી વધી રહી હોવાથી તથા કોચીના બૅકવૉટરથી ઘેરાયેલા વૅલિંગ્ટન ટાપુના કેટલાક વિસ્તારો ડૂબાણમાં જવાની દહેશતની શક્યતા જોતાં નૌકા દળના સધર્ન નૅવલ કમાન્ડને સાબદા રહેવાનું કહેવાયું છે. નૈર્ઋત્યનું ચોમાસાનું જોર કેરળમાં વધુ હોવાથી ભારે વરસાદને લીધે પૂર આવતાં અને ભેખડો ધસી પડવાની ઘટનામાં ૮ ઑગસ્ટથી ૨૬ જણે જાન ગુમાવ્યાં હતાં. ઇડુક્કી જિલ્લા વહીવટીતંત્રે પર્યટકોને પહાડી વિસ્તારોમાં જવાની મનાઈ કરી છે. ભારે વાહનોની આવન-જાવન નિયંત્રિત કરવામાં આવી છે. મુન્નારના જ્યુડી રિસોર્ટ વિસ્તારમાં ભેખડ ધસી પડવાને લીધે રસ્તા બંધ થઈ જતાં અટવાઈ ગયેલા ૨૪ વિદેશી સહિતના ૫૦ થી વધુ પર્યટક સલામત છે. (પીટીઆઈ) ■

જૈન મરણ

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

કેરિયા હાલ મુંબઈ મનસુખલાલ રતિલાલ શાહના ધર્મપત્ની અ. સૌ. જયાલક્ષ્મીબેન (ઉં.વ. ૭૭) તા. ૭-૮-૧૮ના અરિહંતશરણ પામેલ છે. હરેશ, દિલીપ, વર્ષાબેનના માતુશ્રી. ઉર્વી, નિશા, મહેશકુમાર ડગલીના સાસુ. ઈંદુબેન ધીરજલાલ શાહ, પ્રભાબેન હિરાલાલ શાહ, હિરાબેન બટુકલાલ શાહ, સ્વ. વિલાસબેન અરવિંદકુમાર, ચારૂલતા કિર્તીકુમારના ભાભી. પિયર પક્ષે વિજયાબેન ખીમચંદ ત્રિભોવનદાસ શાહ (ઈટાલિયાવાળા)ના દીકરી. ભાવયાત્રા તા. ૧૨-૮-૧૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨. સ્થળ: હરિચંદ રૂપચંદની વાડી, ૩જી પાંજરાપોળ, સી. પી. ટેન્ક, મુંબઈ-૪. સફેદ સાડલાની પ્રથા બંધ રાખેલ છે.

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોરબી હાલ ઘાટકોપર સ્વ. મયાશંકર સંઘવીના પુત્ર જયંતીલાલ (ઉં.વ. ૮૫) તા. ૯-૮-૧૮, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. હર્ષા, નીતા વિજય ઉદાણી, દિપ્તી કમલ માટલીયા, મનીષના પિતાશ્રી. સ્વ. દલસુખભાઈ, સ્વ. ચીમનલાલ, સ્વ. દયાબેન વ્રજલાલ, સ્વ. કુસુમબેન , સ્વ. લીલીબેન રમણલાલના ભાઈ. માંગરોળ નિવાસી સ્વ. અમૃતલાલ હેમચંદ શેઠના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮, રવિવારના સવારે ૧૦.૩૦ થી ૧૨. સ્થળ: ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફલોર, હિંગવાલા લેન ઉપાશ્રયની બાજુમાં, ઘાટકોપર (ઈ). લૌકિક વ્યવહાર બંધ છે.

સાવરકુંડલા હાલ ઘાટકોપર સ્વ. અમૃતલાલ માણેકચંદ મહેતાના પુત્ર અશ્વિનભાઈના પત્ની અ. સૌ. દક્ષા (ઉં.વ. ૬૨) તે જયનીકા પરાગ પારેખ, શીલા કુશાન શાહના માતુશ્રી. પિયર પક્ષે તળાજા નિવાસી (હાલ જુહુ સ્કીમ) સ્વ. કાંતાબેન અને સ્વ. સન્મુખલાલ નાનાલાલ શાહના પુત્રી તા. ૫-૮-૧૮ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮ના સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦. ઠે. પારસધામ, ૩જે માળે, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

કપડવંજ વિશા નિમા જૈન

કપડવંજ હાલ બોરીવલી સ્વ. મણીલાલ પાનાચંદ ગાંધીના પુત્ર શશીકાંત (ઉં.વ. ૭૦) ગુરુવાર, તા. ૯-૮-૧૮ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અંજનાબેનના પતિ. વિકાસ, મૌનાના પિતા. સ્વ. જયંતભાઈ, કિરીટભાઈ, સ્વ. અંજનાબેન, સ્વ. ગીતાબેન, સ્વ. કોકીલાબેનના ભાઈ. સ્વ. પોપટલાલ હીરાલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.: વિકાસ શશીકાંત ગાંધી, એ/૧૦૪, હરીઓમ એપાર્ટમેન્ટ, વિજય સેલ્સની બાજુમાં, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ).

ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન

પાલીતાણા હાલ ઘાટકોપર ચંપકલાલ શાંતિલાલ કપાસીના ધર્મપત્ની અ. સૌ. ગુણવંતીબેન (ઉં.વ. ૭૮) તા. ૭-૮-૧૮ના અરિહંતશરણ પામેલ છે. તે જયેશ, સંજય, દિપ્તીના માતુશ્રી. દર્શીકા, સોનલ, વિરલભાઈના સાસુ. ભૂપેન્દ્રભાઈ, હંસાબેન હર્ષદરાય અજમેરા, પ્રદીપભાઈના ભાભી. બાબરા હાલ મુંબઈ પ્રેમજીભાઈ પુરષોત્તમદાસ બાવીશીની પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮ના રવિવારે ૫ થી ૬.૩૦. ઠે.: લવંડર બાગ, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ).

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

હાથસણી હાલ મલાડ સ્વ. શાંતાબેન બાવચંદભાઈ મગીયાના પુત્ર રતિલાલભાઈના પત્ની તારાબહેન (ઉં.વ. ૭૮) તા. ૫-૮-૧૮ ને રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીતિનભાઈ, ભાવનાબહેન ભરતકુમાર દોશી, માયાબહેન સ્નેહલકુમાર શેઠ, કલ્પનાબેન જયેશકુમાર જોબાલિયા, બિનાબહેન પ્રકાશભાઈ વોરા, સોનલબહેન પરીમલભાઈ કોઠારીના માતુશ્રી. સુરેશભાઈ, ચંપાબહેન, સ્વ. વિમળાબહેન, મંગળાબહેન, મંછાબહેન, કૈલાસબહેન, હંસાબહેનના ભાભી. પિયર પક્ષે મનસુખભાઈ, લલિતભાઈ, હીરાબહેન, સ્વ. લતાબહેન લલ્લુભાઈ મોદીના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮ ને રવિવારે સવારે ૧૦ થી ૧૨. લૌકિક વહેવાર બંધ છે. ઠે.: પાવનધામ, પાવનધામ લેન, બી.સી.સી.આઈ. ગ્રાઉન્ડ સામે, 'ડી' માર્ટની પાછળ, કાંદિવલી વેસ્ટ.

દશા શ્રીમાળી સ્થા. જૈન

જેતપુર હાલ બોરીવલી જયંતીલાલ નરભેરામ વિપાણી (ઉં.વ. ૯૧) તે ગુરુવાર, તા. ૯-૮-૧૮ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. તરૂલતાબેનના પતિ. ધિરેન્દ્ર, હર્ષદાબેન પ્રકાશભાઈ પટવર્ધનના પિતાશ્રી. રૂષભ, જતિન, નિલેશના દાદા. સ્વ. વલ્લભજી રતનશી હીરાણીના જમાઈ. સ્વ. ન્યાલચંદભાઈ, સ્વ. ગોકલદાસભાઈ, સ્વ. ભાઈચંદભાઈ, સ્વ. ધાનીબેન, સ્વ. ધારીબેન, પુષ્પાબેન સૂર્યકાંત પારેખના ભાઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

દીગસર હાલ ચાંદીવલી શશીકાન્તભાઈ ચુનીલાલ બોરડિયા (શંકરભાઈ) (ઉં.વ. ૯૩) તા. ૬-૮-૧૮, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રભાબેનના પતિ. જયોતિબેન, નયનાબેન, લલિતભાઈ, દિપકભાઈ, નિતાબેનના પિતાશ્રી. કિર્તીભાઈ, હર્ષદભાઈ, કિરીટભાઈ, મીનાબેન, સુનિતાબેનના સસરા. હાર્દીક, સમીર, ઉર્વસી, રૂષભના દાદા. જયાબેન શાંતિલાલ શેઠના ભાઈ (માટુંગા). પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૪૦૧, ગોડ હેવન્સ, ગાંધીગ્રામ, ચાંદીવલી, પવઈ પોલીસ સ્ટેશનની બાજુમાં, મુંબઈ-૭૨.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જીરા હાલ મલાડ મહેન્દ્રકુમાર રમણિકલાલ પરમાણંદદાસ દોશીના ધર્મપત્ની મીના (ઉં.વ. ૫૭) તા. ૯-૮-૧૮ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેશ, ખુશ્બુ વિરલકુમાર મહેતાના માતુશ્રી. સ્વ. અરવિંદભાઈ, હસુમતીબેન, શિલાબેન, ચારૂબેનના ભાભી. પિયર પક્ષે ઘોઘાવાળા સ્વ. તારામતી ચતુરલાલ મણીલાલ શાહની દીકરી. જિતેન્દ્ર, જયશ્રી કિર્તીકુમારના બેન. શોભાના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૯, શ્રીજી ભુવન, રાણા કોટેજ, મંછુભાઈ રોડ, મલાડ (ઈ.).

કચ્છી વિશા ઓશવાળ જૈન

કકરવાના કરસન નંદુ (ઉં.વ. ૭૮) તા. ૮-૮-૧૮ના અવસાન પામેલ છે. સ્વ. પાલઈ / લાખઈ ધનજી રવજી નંદુના પુત્ર. અમૃતબેનના પતિ. મનફરાના ભાવલ આશદિર વેરશી દેઢીયાના જમાઈ. અરવિંદ, સુરેશ, જાગૃતિ, પરાગના પિતા. સ્વ. રતનશી, સ્વ. કાનજી, પ્રેમજી, જેઠાલાલ, સ્વ. વેલજી, જયંતીના ભાઈ. પ્રાર્થના શનિવાર, તા. ૧૧-૮-૧૮ના ૩ થી ૪.૩૦. સ્થળ: યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ). ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે.

નવાવાસ (દુર્ગાપુર)ના અમૃતલાલ મોનજી વીરા (ઉં.વ. ૬૮) તા. ૯-૮-૧૮ના અવસાન પામેલ છે. માતુશ્રી (સુંદરબેન) લીલાવંતી મોનજીના પુત્ર. ઈલાના પતિ. શીતલ, અવની, મીતના પિતાશ્રી. ડુંગરશી, હેમચંદ, લાયજાના વિમળા મેઘજી, ના. ભાડીયાના ચંદન મણીલાલ, ના. તુંબડી મયુરી મુલચંદ, નવાવાસના પ્રજ્ઞા હિતેન, ફરાદ્રીના પ્રફુલ્લા પોપટના ભાઈ. ના. આસંબીયાના પાનબાઈ ખીમજીના જમાઈ. પ્રાર્થના: જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મુલુંડ (વે.). મું. ૮૦. ટા. ૨ થી ૩.૩૦.

માપરના જયવંતી ધનજી જાગાણી (ઉં.વ. ૫૮) તા. ૮-૮-૧૮ના અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઈ નાનજી હીરજીના પુત્રવધૂ. ધનજીના પત્ની. રેખા, હેતલ, તેજસના માતુશ્રી. ડુમરા (હૈદ્રાબાદ)ના લક્ષ્મીબેન મુરજી ભાણજી કારાણીના પુત્રી. અનિલ, પરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધનજી નાનજી જાગાણી, ૧૬, ધીરજ વિલા, જૂહુ, મું. ૪૯.

પાટણ જૈન

કનાસાના પાડાના (હાલ મુંબઈ) શશીકાન્તભાઈ નેમચંદ શાહ (ઉં.વ. ૮૪) તે હસુમતીબેનના પતિ. મયુરીબેનના પિતા. અતુલભાઈના સસરા. સ્વ. બાબુભાઈ, સ્વ. રસીલાબેન, બિપીનભાઈના ભાઈ. સ્વ. અમૃતલાલ વાડીલાલના જમાઈ તા. ૯-૮-૧૮ના અરિહંતશરણ થયેલ છે. ઠે.: નિર્મળ નિવાસ નં. ૨, પમે માળે, ફલેટ નં. ૪૬, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ગોવાલિયા ટેન્ક, મુંબઈ-૩૬. લૌકિક વ્યવહાર બંધ છે.

ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

વઢવાણ શહેર હાલ બોરીવલી ચંદુલાલ ચીમનલાલ શાહ (ઉં.વ. ૯૪) તા. ૧૦-૮-૧૮ ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. બિપીનભાઈ, અનીલાબેન, વર્ષાબેનના પિતાશ્રી. ઉષાબેન, સ્વ. નવીનચંદ્ર મહેતા, સુરેશકુમાર શાહના સસરા. સ્વ. જશવંતભાઈ, સ્વ. મુકતાબેન કાંતિલાલ શાહના ભાઈ. સંકેત, કૃતિ વિનિતકુમાર હરીયાના દાદા. હંસરાજ દેવચંદ ગોસળીયાના જમાઈ. સાદડી તેમજ લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

વિશા મેવાડા દિગંબર જૈન

વેડચ હાલ બોરીવલી ચીનુભાઈ (ઉં.વ. ૮૩) તા. ૫-૮-૧૮ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રણછોડદાસ મગનલાલ શાહ અને સ્વ. લલીતાબેનના પુત્ર. સ્વ. રસિકલાલ, સ્વ. રમણલાલ, સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. રમેશચંદ્રના ભાઈ. સ્વ. સુશીલાબેન, ગં. સ્વ. જયાબેનના દિયર. ગં. સ્વ. વિનોદબાળા, ગં. સ્વ. વસુમતિના જેઠ. નિલેશ, કલ્પેશ, ચંદ્રેશ, અમીતા, પ્રેરણા, મયુરીના કાકા. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮, રવિવારના ૪ થી ૬. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ગ્રાઉન્ડ ફલોર, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

હિન્દુ મરણ

લુહાર સુતાર જ્ઞાતિ

ગામ મોણપર હાલ અંધેરી સ્વ. અમૃતલાલ કેશવજીભાઈ પરમારના ધર્મપત્ની સ્વ. સરલાબેન (દીવાળીબેન) (ઉં.વ. ૮૫) તા. ૯-૮-૧૮, ગુરુવારના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. નરશીભાઈ દેવજીભાઈ સિદ્ધપુરાની દીકરી. કિશોરભાઈ, નીતીનભાઈ, જયશ્રીબેનના માતુશ્રી. પરીતોષ, પ્રતીક, નેહા, પ્રતીક્ષાના દાદી. કાનજીભાઈ, હિંમતભાઈ, રતનબેનના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮, રવિવારના ૫ થી ૭. સ્થળ: લુહાર સુતાર જ્ઞાતી વાડી (વેલફેર સેન્ટર), દત્તપાડા રોડ, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી (પૂર્વ).

હાલાઈ લોહાણા

ગામ પનવેલ હાલ નાલાસોપારાના સ્વ. લિલાવતીબેન નાનાલાલ રાજાણીના પુત્ર રાજેન્દ્રભાઈ (ઉં.વ. ૬૮) તે ઉષાબેનના પતિ. હિતેષી હાર્દિક મહેતા, ડો. યાશિકાના પિતાશ્રી. રમેશભાઈ, ચંદાબેન પ્રભુદાસ પુજારા, શોભાબેન પ્રવિણભાઈ ગોકાણી, પ્રિતીબેન હર્ષદ સાંઘાણીના ભાઈ. સ્વ. શિરીષ ખીમજી માણેક (અંધેરી)વાલાના જમાઈ શુક્રવાર, તા. ૧૦-૮-૧૮ના શ્રીજીધામમાં ગયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ

મોરચંદ હાલ ઉરણ સ્વ. દામોદરદાસ ગોરધનદાસ મેહતા તથા સ્વ. દમયંતીબેનના પુત્ર શૈલેષભાઈ (ઉં.વ. ૫૪) તે શ્રીમતી રશ્મીબેનના પતિ. કુમાર, જીનેશના પિતા. પ્રદીપ દામોદરદાસ મેહતા તથા સૌ. હર્ષા અશ્વિનભાઈ પટેલના ભાઈ. સ્વ. રમણિકલાલ દેવજી ખત્રી તથા શ્રીમતી રમીલાબેન રમણિકલાલ ખત્રીના જમાઈ ઉરણ મુકામે મંગળવાર, તા. ૭-૮-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી રવિવાર, તા. ૧૨-૮-૧૮ના ૩ થી ૫ ઉરણ મુકામે રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે).

ગજજર - સુથાર

મૂળ પેથાપુર હાલ મુંબઈ સ્વ. કનૈયાલાલ કેશવલાલ ગજજર (ઉં.વ. ૭૨) બુધવાર, તા. ૮-૮-૧૮ના અક્ષરધામ પામ્યા છે. ભગવતીબેનના પતિ. સ્વ. જયંતીભાઈ, બાબુભાઈ, જસુમતિબેનના ભાઈ. મીરા, સોનલ, સ્વ. વિજયના પિતા. મુકેશકુમાર, જીતેન્દ્રકુમાર, રીટાબેનના સસરા. નિયતિ, પ્રશાંત, નિખીલ, યશ, જાનવી, હેતના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮, રવિવારે ૩ થી ૫. સાસરા પક્ષે સ્વ. મગનલાલ પેલાદજી ગજજર વડસર તરફથી પ્રાર્થનાસભા પણ આજ સ્થળે - સમયે રાખેલ છે. સ્થળ: ડી-૨, ૫૦૩, પુનમ એપાર્ટમેન્ટ, ડો. એનીબેસન્ટ રોડ, વર્લી, મુંબઈ-૧૮.

કપોળ

નાગેશ્રીવાળા સ્વ. ગીરજાબેન ગુલાબરાય જગજીવનદાસ ગોરડીયાના પુત્ર મનસુખલાલ (મનુભાઈ) (ઉં.વ. ૮૪) તે અ. સૌ. વીમળાબેનના પતિ તા. ૮-૮-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. હેમંત, ભાવના શૈલેષ મોદી, વિણા ભાવેશ પારેખ, જાગૃતિ મનીષ પારેખના પિતાશ્રી. જાફરાબાદવાળા સ્વ. છગનલાલ જમનાદાસ મહેતાના જમાઈ. સ્વ. શીવીબેન, સ્વ. જસુભાઈ, મધુબેન, રમેશભાઈ, ધર્મેન્દ્રના મોટા ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮, રવિવારના ૫ થી ૭. સ્થળ: મલાડ કપોળ બેન્કવેટ હોલ, રામચંદ્ર એક્સ લેન, કાંચપાડા, મલાડ વેસ્ટ.

કચ્છી બ્રહ્મક્ષત્રિય

અ. સૌ. વીણા (ઉં. વ. ૩૧) તે વિપુલ વસંત મામતોરાના ધર્મપત્ની. ગામ કુંદરોડી હાલે ડોંબિવલી તે હેમલતાબેનના વહુ. હિતાંશીના માતુશ્રી. હર્ષા પ્રણય સોદાગર અને દીપ્તી ભાવેશ છાંટબારના ભાભી. તે ગામ વાંકીના રાધાબેન પ્રેમજી દામજી વીંછીના પુત્રી તા. ૮-૮-૧૮, બુધવારના રામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૧-૮-૧૮ના સાંજે ૪ થી ૫ પાંજીવાડી, સ્ટેશન પાસે, કાંજુર માર્ગ (પૂર્વ) ખાતે રાખવામાં આવેલ છે. (દશાવ પ્રથા બંધ છે.)

કપોળ

જેતપુરવાળા હાલ મુંબઈ સ્વ. બકુલચંદ્ર બાબુલાલ ચિતલીયાના ધર્મપત્ની ગં. સ્વ. મૃદુલાબેન (ઉં. વ. ૮૨) તે ચેતન, બિરેન, સ્વ. રેણુ યોગેન વોરાના માતુશ્રી. સૌ. નિયતી, સૌ. મમતાના સાસુ. તે સ્વ. નકુલચંદ્ર, દુકુલચંદ્ર, સૌ. પરાગ નરેન્દ્ર વોરાના ભાભી. તે કુંડલાવાળા સ્વ. કરશનદાસ જમનાદાસ ગાંધીની પુત્રી ગુરુવાર, તા. ૯-૮-૧૮ના બેંગલોર મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૧૮ને રવિવારના રોજ સાંજે ૫ થી ૭. સ્થળ: અમૃત બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વે.)

કદિયાદરા ખેડવાબાજ બ્રાહ્મણ

કડિયાદરા નિવાસી વિષ્ણુશંકર ભાઈશંકર ઠાકરનાં પત્ની અ. સૌ. મંગલાગૌરી (ઉં. વ. ૮૪) રવિવાર, તા. ૫-૮-૧૮ના દેવલોક પામ્યા છે. તે સ્વ. બિપિનભાઈ, મહેશભાઈ, અલ્કેશભાઈના માતુશ્રી. જ્યોતિબહેન, સ્વ. વર્ષાબહેન, અલ્પનાનાં સાસુ. સોનલ, સોહલ, કાશ્મીરા, દિલાંક, કૃતાર્થ, મિથિલેશ, એકતાના દાદી. ચોટાસણ સ્વ. ભાઈશંકર રેવાશંકર જોષીના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૨-૮-૧૮ના સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે. ઠે. બાપ્સ સ્વામી નારાયણ સંસ્કારધામ, બી/૩૦૨, ડાયમ